આંક– ૨

અમદાવાદના લેબરકોર્ટ નં.૬ ના મે. પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી જે. જી. બ્રહમભટ્ટ સમક્ષ.

રીવ્યુ અરજી નં. ૨૧/૨૦૨૦
ઈન
રેફરન્સ (ટી)નં–૫૭૮/૨૦૧૭

પ્રથમ પક્ષકાર :– લીકવીડેટરશ્રી,
ધી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કો. ઓ. બેન્ક લીમીટેડ,
(ફડચામાં), યુનીયન કો. ઓ. સોસાયટી બિલ્ડીંગ,
ઈન્કમટેક્ષ ચાર રસ્તા, અમદાવાદ.

વિરુધ્ધ

બીજા પક્ષકાર :– શ્રી સુરેશ કચરાભાઈ પટેલ
 C/o.ધી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કો. ઓ. બેન્ક સ્ટાફ
યુનીયન, ૩૧, ગીરીવર બંગ્લો, ભકતીમાર્ગ રોડ,
જશોદાનગર ચાર રસ્તા, અમદાવાદ

હાજર રહયા :– પ્રથમ પક્ષકાર તરફે : એ. બી. ગોગીયા
બીજા પક્ષકાર તરફે : શ્રી પી. કે. મશર

## : <u>એ વો ર્ડ</u> :

૧. સંબંધિત કામે રીવ્યુ અરજી દાખલ કરી બીજા પક્ષકાર તરફે એવી રજુઆતો કરેલ છે કે આ કામે અદાલતે તા. ૨૬/૯/૨૦૨૦ ના રોજ યોજાયેલ ઈ– લોકઅદાલતમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલા જે મુજબ આખરી એવોર્ડ પસાર કરેલ છે. પરંતુ સમાધાની શરત ચુકથી સંબંધિત કામો ગૃપ મેટરમા હોઈ જેથી પસાર કરેલ આખરી હુકમમાં હાલના કામદારના નામની જગ્યાએ અન્ય કામદારનું નામ લખેલ છે. જે ટેકનીકલ ક્ષતિ તેમજ ટાઈપ મીસ્ટેક હોઈ સુધારો કરી આપવા હાલની રીવ્યુ અરજી દાખલ કરી રજુઆત કરેલ છે.

૨. આ કામે હાલની રીવ્યુ અરજી દાખલ કર્યા બાદ સામાવાળા તરફે પોસ્ટ મારફતે જવાબ રજુ કરી રીવ્યુ અરજી મંજૂર કરવામાં આવે તો વાંધો નથી તેવી હકીકત જાહેર કરેલ છે. આ સાથેના તમામ કામોમાં હાલની અરજી ધ્યાને લેવા રજુઆતો કરેલ છે, જે ધ્યાને લીધી.

૩. ઉપરોકત સંજોગોમાં તેમજ હાલની અરજી સાથે રજુ થયેલ મુળ રેફરન્સના કામે જેમાં થયેલ આખરી એવોર્ડ વંચાણે લેતાં પણ હાલના બીજા પક્ષકાર કામદારની જગ્યાએ આ સાથેના ગૃપ મેટરના અન્ય કામદારનું નામ લખાયેલ હોવાનું જણાઈ આવે છે. જે સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં તેમજ સદર અધિનિયમની કલમ ૩૧ ની જોગવાઈઓ ધ્યાને લેતાં પણ કોઈ એવોર્ડ કે હુકમમાં થયેલ ક્ષતિ કે ટાઈપિંગ મીસ્ટેક જેવી ભુલ સુધારાની અદાલતની હુકમત પ્રાપ્ત થયેલ હોઈ જે સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં હાલની રીવ્યુ અરજી ગ્રાહય રાખી નીચે મુજબનો આખરી હુકમ પસાર કરેલ છે. જે મુળ રેફરન્સના કામે થયેલ તા. ૨૬/૯/૨૦૨૦ નો આખરી હુકમ સાથે સુધારો ધ્યાને લેવોનો આદેશ કરવામાં આવે છે.

## –:આખરી હુકમ :–

(૧) આ કામનાં પ્રથમ પક્ષકાર સંસ્થાને આદેશ કરવામાં આવે છે કે, સદર એવોર્ડ પ્રસિધ્ધ થયેલ દિન–૩૦ માં બીજા પક્ષકાર કામદાર શ્રી નવીનચંન્દ્ર આર. સીગાપુરી ની જગ્યાએ સંબંધિત બીજા

પક્ષકાર કામદાર શ્રી સુરેશ કચરાભાઈ પટેલ તેઓનાં નોકરી અંગેનાં હકક પેટેની કુલ રકમ રૂા.૧,૮૫,૧૯૮/– (અંકે રૂપિયા એક લાખ પંચ્યાસી હજાર એકસો અઠ્ઠાણુ પુરા) ચુકવી આપવી.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૨૭/૧૧/૨૦૨૦.
સ્થળ : અમદાવાદ.

(જે. જી. બ્રહમભટ્ટ)
કોડ : જીજે૦૦૭૮૭
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

P.V.CHUDASAMA, P.A.